## ડાયરેક્ટ ❤ સે

પ્રશ્ન એ નથી
કે આ વખતે
સરકાર કોની આવશે?
પ્રશ્ન એ છે કે
આ વખતે
શિયાળો આવશે કે નહીં?

## જન્મદિને વધામણી



વૈશાલીબેન જોષી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



વિવાન સંકેતભાઈ ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬

### ગુજરાતી સાહિત્યમાં એક અભૂતપૂર્વ ઘટના : ડૉ. જગદીશ ત્રિવેદી : વાનપ્રસ્થના વધામણા

# ‘અડધી સદીનાં ઓવારણાં’નું મોરારિબાપુના હસ્તે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૭


તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ હાસ્યકલાકાર, ત્રણ વખત પીએચ.ડી થનાર અને ત્રણેક હજાર હાસ્યના શૉ કરનાર જાણીતા લેખક, કલાકાર ડૉ. જગદીશ ત્રિવેદીના વનપ્રવેશ પ્રસંગે ‘‘વાનપ્રસ્થના વધામણા’’ નામે ભવ્યાતિભવ્ય સમારોહ સુરેન્દ્રનગર મુકામે પૂ. મોરારિબાપુની ઉપસ્થિતિમાં યોજાઇ ગયો. આ સમારોહ ગુજરાતી સાહિત્યનો એક યાદગાર સમારોહ હતો. જેમાં પૂ. બાપુ, હાસ્યસાહિત્ય અને કલાના બે ઉપાસકો શ્રી રતિલાલ બોરીસાગર




અને શાહબુદિન રાઠોડ, જય વસાવડાની વિશેષ ઉપસ્થિતિમાં ડૉ. જગદીશ ત્રિવેદી લિખિત ‘‘અડધી સદીના ઓવારણા’’ ભાગ ૧ થી ૪નું લોકાર્પણ પૂ. બાપુના વરદ હસ્તે થયું. આ પ્રસંગે સૌ મંચસ્થ મહાનુભાવોએ પોતાની લાગણી વ્યક્ત કરી, આ સમારોહમાં તબિયતને કારણે ઉપસ્થિત ન રહી શકનાર શ્રી ગુણવંત શાહ તથા કેનેડા હોવાને કારણે આ પ્રસંગે નહીં આવી શકનાર ભાઈશ્રી જગદીશના પુત્ર શ્રી મૌલિક ત્રિવેદીએ પોતાની લાગણી અને શુભેચ્છાઓ વિડીઓ દ્વારા મોકલીને સૌ સમક્ષ ઉપસ્થિતિ નોંધાવી હતી.

આ સમારોહની ભવ્યતા દિવ્ય હતી. કેમ કે ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ સર્જકો, શિક્ષણવિદ્દો, કલાકારો, ગાયકો, સંગીતકારો, નૃત્યકારો, લોકડાયરાના કલાકારો અને સંતો... આખા ગુજરાતની સાંસ્કૃતિક ચેતનાસમો આ સમારોહ ન ભૂતો ન ભવિષ્યતિ હતો. આ સમારોહના કેન્દ્રબિંદું શ્રી જગદીશ ત્રિવેદીનો એક મહાન વિચાર હતો કે આજે ૫૦ વર્ષ પૂર્ણ થતા વનપ્રવેશે ‘‘અર્થોપાર્જનનો સંપૂર્ણ ત્યાગ’’ કરીને હવેથી જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ અને આરોગ્યક્ષેત્રે પોતાની કલાનો સદઉપયોગ કરવો. સાચો સમારોહ કોને કહેવાય એનો આ એક ઉત્તમ નમુનો હતો. લગભગ પાંચેક હજાર સુજ્ઞ અને શિક્ષિત પ્રેક્ષકો, વરસાદ પ્રૂફ વિશાળ મંડપ, ભવ્ય સ્ટેજ અને અમેરિકા, દુબઈ, મુંબઈ તથા અનેક શહેરોમાંથી આવેલા મિત્રોથી આ સમારોહની ગરિમા અદ્વિતીય હતી. સાહિત્ય, કલા, સંગીત, શિક્ષણ અને સંત સમાજના આગેવાનોની ઉપસ્થિતિ આજસુધી ગુજરાતના કોઈ સમારોહમાં નથી જોવા મળી જે અહીં હતી. સમગ્ર સમારોહનું સંચાલન પણ કવિમિત્ર શ્રી અંકિત ત્રિવેદીએ સૌમ્ય અને સંસ્કારીભાષામાં કરીને સૌની ગરિમા વધારી હતી.

# ‘કાવ્યરસ’ દિવાળી વિશેષ ટીવી કાર્યક્રમમાં સંજય થોરાત અને રમેશ ઠક્કરનું કાવ્ય પઠન













## જ્ઞાનપીઠ ઍવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરી સાથે શહેરના કવિઓને સ્થાન

ગાંધીનગર, તા. ૧૭

‘કાવ્યરસ’ એ જીટીપીએલ ચેનલ પર પ્રસારિત થતો કવિતા અને કવિઓનો વિશિષ્ટ કાર્યક્રમ છે. તા. ૧૯ અને ૨૦ એટલે કે દિવાળી અને નૂતન વર્ષના તહેવારે જીટીપીએલ દ્વારા ‘કાવ્યરસ’નો વિશેષ એક કલાકનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા કવિ રઘુવીર ચૌધરી એમના કાવ્યનું પઠનક રશે. આ જ કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત ‘સ્વજન’ અને કવિ રમેશ ઠક્કરનું કાવ્યપઠન પણ પ્રસારિત થઈ રહ્યું છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ દ્વારા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં અન્ય બે કવિ સુધીર પટેલ અને નૈષધ મકવાણા પણ પોતાનાં કાવ્યોની પ્રસ્તુતિ કરશે. આ કાર્યક્રમ દિવાળી અને નૂતન વર્ષના રોજ સવારે ૧૦થી ૧૧ દરમિયાન જીટીપીએલ ચૅનલ (નં. ૬૦૯) પરથી પ્રસારિત થઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા રઘુવીર ચૌધરી સાથે એક જ કાર્યક્રમમાં ગાંધીનગરના બે કવિઓને દિવાળી વિશેષ કાર્યક્રમમાં સ્થાન મળવું એ અભિનંદનીય ઘટના છે.

# ‘એકે હજારો અમદાવાદી’ ગાંધીનગરમાં છવાઈ ગયો





ગાંધીનગર, તા. ૧૭

‘આ નાટકના લેખક આજે આપણી વચ્ચે હયાત નથી, પરંતુ એમનો પરિવાર આપણી સાથે છે અને એ પરિવાર સ્વર્ગસ્થ લેખકને યાદ કરીને આંસુ સારી રહ્યો છે. ત્યારે આપણે એટલી તાળીઓ લેખક માટે વગાડીએ કે આ પરિવાર અહીંથી હસતો-હસતો ઘરે જાય.’

ઉદ્‌ઘોષકના આ શબ્દોની ધારી અસર થઈ અને પ્રેક્ષકોએ તાળીઓનો એવો તો મૂશળધાર વરસાદ વરસાવ્યો કે સ્ટેજ પર ઊભેલો લેખકનો પરિવાર ગદ્‌ગદિત થઈ ઊઠ્યો. તો સામે પક્ષે પ્રેક્ષકોની આંખો ને હૈયાં પણ ભીંજાઈ ગયાં હતાં!

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત, હિમાંશુ ભચેચ દિગ્દર્શિત નાટક ‘એકે હજારો અમદાવાદી’ના ગાંધીનગરમાં પ્રથમ પ્રયોગ વેળાએ આ લાગણીસભર દશ્ય સર્જાયું હતું. નાટકના લેખક ભગવત ભાવસારનાં ધર્મપત્ની જ્યોત્સ્નાબેન સહિત તેમનો પરિવાર આ નાટક જોવા માટે ઉપસ્થિત હતો, જે લેખકને આપવામાં આવેલા સન્માન અને નાટકની પ્રભાવી ભજવણીથી લાગણીસભર થઈ ઊઠ્યો હતો.

ડૉ. આંબેડકર હૉલ ખાતે તા. ૧૫ ઑક્ટોબર ને સોમવારના રોજ રાત્રે ૯ કલાકે આ નાટકની ભજવણીનો આરંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે સંસ્કૃતિ સંસ્થાના મંત્રી મનોજ શુક્લ અને આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાના હસ્તે લેખક સ્વ. ભગવત ભાવસારના પરિવારનું અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૭માં શ્રેષ્ઠ અભિનય માટે પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર નગરના પ્રતિભાશાળી અભિનેતા દિવ્યકાન્ત વર્માનું અભિવાદન નગરના સૌ કલાપ્રેમી નાગરિકો વતી કરવામાં આવ્યું હતું.

નાટકમાં મૌન સાધુ, પ્રતીક્ષા નિમાવત, હિમાંશુ ભચેચ અને કુંતલ નિમાવત દ્વારા પ્રભાવી અભિનય આપીને પ્રેક્ષકોને છેક અંત સુધી જકડી રાખવામાં આવ્યા હતા. આ નાટકે પ્રેક્ષકોને એવા તો હસાવ્યા હતા કે સમગ્ર હૉલમાં હાસ્યની હવા ફેલાઈ ગઈ હતી. ચોટદાર સંવાદો અને નાટકીય ઘટનાક્રમે પ્રેક્ષકોને સાહજિક મનોરંજન પૂરું પાડ્યું હતું. સૌ પ્રેક્ષકોએ એક અવાજે આ પારિવારિક નાટકને ન માત્ર માણ્યું ને સરાહ્યું હતું પરંતુ તેના સૌ કલાકારોને રૂબરૂ મળીને અભિનંદન પણ પાઠવ્યા હતા.

નાટક માટે સૅટીંગ્સ રંગદેવ થિયેટર, અનુજ સોલંકી, મૌલિક ગોહિલ, કલીમ હાશ્મી, વિપુલ સેનમા, કિરણ ઠાકોર, લાઈટ્‌સ દિવ્યકાન્ત વર્મા-પ્લગ ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્‌સ, લાઈટ સંચાલન સાબિર મલેક, કિરણ પંચાલ, મ્યુઝીક પ્રતીક હીરપરા, મ્યુઝીક સંચાલન પર્વ નિમાવત, નેપથ્ય મયંક ભટ્ટ, દેવલ રામાવત, અર્થ સાધુ, શ્રેય મરડીયા, ડ્રેસીંગ્સની સેવા કશ્યપ નિમાવત, નીતા ભચેચ, મનીષા ખત્રી-વૃંદા ડ્રેસીસ દ્વારા આપવામાં આવી હતી. નાટકનો માણવા આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી નિરંજનાબેન બિહોલા, પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષ ખત્રી, સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ, નાટ્યકાર હસમુખ મૅકવાન, નવિન સિંગલ, સંજય તન્ના, સંગીત નાટક અકાદમીના પૂર્વ સભ્ય સચિવ અને સાહિત્યકાર ડૉ. પ્રદીપ આઝાદ, શિક્ષણવિદ કુમુદચંદ્ર ઠાકર, સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, પ્રતિષ્ઠિત શિક્ષક મૌલિક શુક્લ અને ઈન્સ્ટીટ્યુટ ઑફ પ્લાઝમા રિસર્ચના અધિકારી રાજેશ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત વિમેન્સ ક્રિકેટ ઍસો.ની મીડિયા કમિટીના ચૅરમૅન તરીકે અજય દવેની નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૭

વિમેન્સ ક્રિકેટ ઍસોસિએશન ઓફ ગુજરાતની તાજેતરમાં યોજાયેલી વાર્ષિક સભામાં ગુજરાતના જુદા-જુદા શહેરના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ વાર્ષિક સભામાં અજય જગદીશભાઈ દવેની મીડિયા કમિટીના ચૅરમૅન તરીકે સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રતિભાવ આપતાં અજય દવેએ જણાવ્યું હતું કે વિમેન્સ ક્રિકેટ ઍસોસિએશન ઑફ ગુજરાતની મીડિયા કમિટીના ચૅરમૅન પદે બિરાજતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આગામી સમયમાં ગુજરાતના દરેક જિલ્લામાં યુવા મહિલા ખેલાડી ક્રિકેટની રમતમાં જોડાય અને રાષ્ટ્રીય સ્તરે ઝળહળતો દેખાવ કરે તે માટે અમે સતત પ્રયત્નશીલ રહીશું.

# સંબંધોમાં જોહુકમી : વ્યક્તિ ક્યારેક ખેંચાઈ જાય છે અને ક્યારેક ખર્ચાઈ પણ જાય છે




(ગતાંકથી ચાલુ)

એક શિક્ષિત કુટુંબ. એ કુટુંબનો દીકરો એસ. એસ. સી. માં પાસ થયો પણ એટલા સારા માર્કસ ના આવ્યા કે દીકરો ભવિષ્યમાં મેડિકલ લાઈનમાં જવાની આશા રાખી શકે. દીકરાની પણ એવી ઈચ્છા નહીં. માતા-પિતાએ દીકરા ઉપર જોહુકમી કરીને એ સમયે હાયર સેકંડરીમાં સાયન્સમાં એડમિસન લેવાની ફરજ પાડી. દીકરો બારમાં ધોરણમાં નાપાસ થયો. દીકરાની અનિચ્છા છતાં બીજીવાર પરીક્ષા અપાવી. દીકરો માંડ માંડ પાસ થયો એટ્‌લે મેડિકલમાં જવાની તો કોઈ શક્યતા જ ના હતી. કોલેજ અભ્યાસમાં જે લાઈનમાં દીકરાએ જવું ન હતું એ લાઈનમાં જવા માટે મા-બાપે ફરી પછી જોહુકમી કરી. દીકરો માં-બાપની જોહુકમીને વશ થઈને એ અભ્યાસક્રમમાં જોડાઈ તો ગયો પણ અભ્યાસમાં મન લાગે નહીં. માંડ માંડ ડિગ્રી લીધી પણ અંતે દીકરો ત્યાં નો ત્યાં જ. મન વગરનું ભણ્યો હતો એટલે જ્ઞાન અને કુશળતાનો અભાવ રહી ગયો એટલે નોકરી પણ ના મળી. ઘણા વર્ષથી એ દીકરો બેકાર રખડે છે. મા-બાપની જોહુકમીને કારણે દીકરાનું ભવિષ્ય બગડી ગયું. મા-બાપની એવી અપેક્ષા હતી કે દીકરો ડોક્ટર થાય તેને કારણે દીકરાની ક્ષમતા અને ગમા-અણગમાનો વિચાર કર્યા વિના પોતાની ઈચ્છા પૂરી કરવા મા-બાપે જોહુકમી કરી અને દીકરાની કારકિર્દી ઉપર પાણી ફેરવી દીધું.

જે વ્યક્તિ સંબંધોમાં પોતાની જોહુકમી કરે છે તે સંબંધિત વ્યક્તિ પાસેથી વધારે પડતી, ઘણીબધી અપેક્ષાઓ રાખતી હોય છે. જોહુકમી કરનાર વ્યક્તિ પોતાની અપેક્ષાઓ પૂરી કરવા માટે કોઈપણ પ્રકારનું વલણ અપનાવે છે કે કોઈપણ પ્રકારના વર્તન અને વ્યવહાર કરીને સામેની વ્યક્તિને મજબૂર કરે છે. આમ થવાને કારણે સંબંધિત વ્યક્તિ ક્યારેક બધી જ રીતે ખેંચાઈ જાય છે અને ક્યારેક પૂરી જિંદગી પણ ખર્ચાઈ પણ જાય છે.

જોહુકમી કરનાર વ્યક્તિઓ નિર્દયી, લાગણીહિન પણ હોય શકે કારણ કે તેઓ સામેની વ્યક્તિની કોઈ પણ પ્રકારની મુશ્કેલી કાં તો સમજતા નથી અથવા તો સમજવા માગતા નથી. આ પ્રકારની વ્યક્તિઓને દયા, માયા, પ્રેમ, શોક, સંકોચ, શરમ જેવી કોઈ જ લાગણીઓ કદાચ સ્પર્શી શક્તિ નથી.

જોહુકમી કરવાનો સ્વભાવ ધરાવનાર વ્યક્તિઓ પોતાની જાતે પોતાની પ્રશંશા કરતી હોય છે. પોતે જ મહાન છે, પોતાને સંબંધિત વ્યક્તિ ઉપર હમદર્દી છે તેથી તેઓ તેમણે માર્ગદર્શન આપે છે, પોતાના સહકાર કે સહયોગ વિના સંબંધિત વ્યક્તિનું જીવન ચાલે જ નહીં એવી છાપ ઊભી કરવા પ્રયત્ન કરતી હોય છે અને એ છાપ ટકાવી રાખવા માટે સતત હવાતિયાં મારતી હોય છે.

પોતાની પ્રશંશા અન્ય લોકો પણ કરે એવું જોહુકમી કરનાર વ્યક્તિને ખૂબ જ ગમતું હોય છે અને એ માટેની એક પણ તક તેઓ જવા નથી દેતા. તેઓ પોતાની આસપાસ પોતાના પ્રશંશકો કે માખણ મારતી વ્યક્તિઓનું એક વર્તુળ પણ ઊભું કરી દેતા હોય છે. આ લોકો વ્યક્તિની જોહુકમીને તો તાબે થયા જ હોય છે સાથે સાથે એ જોહુકમીને બિરદાવતા હોય છે, તેની વાહ વાહ કરતાં હોય છે, તેની જયજયકાર બોલાવતા હોય છે અને વધારે જોહુકમી કરવા માટે સતત પાનો ચડાવતા હોય છે.

જોહુકમી કરનાર વ્યક્તિઓ એવું ઈચ્છતા હોય છે કે અન્ય સંબંધિત વ્યક્તિઓ દરેક વસ્તુને પોતાની આંખથી જ જુવે. પોતાને જેવુ દેખાય એવું જ સંબંધિત વ્યક્તિઓ જુવે. તેઓ પોતે ક્યારેય અન્ય લોકોની આંખે જોવાનો પ્રયત્ન કરતાં નથી અને એમાં માનતા પણ નથી.

પોતાને કોઈ ‘‘ના’’ કહે એવું તો સાંભળવા તેઓ ક્યારેય શીખ્યા જ નથી હોતા. જે સંબંધિત વ્યક્તિઓ ઉપર તેઓ જોહુકમી કરતાં હોય છે એવી વ્યક્તિઓ તરફથી ‘‘ના’’ ક્યારેય સહન કરી શકતા નથી. પોતાની આજ્ઞાનું જો કોઈ ઉલ્લંઘન કરે તો તેઓને મોટો આઘાત લાગતો હોય છે. પોતાની સામે અવાજ ઉઠાવનારને તેઓ ગમે એમ કરીને પાડી દેવા માટે પ્રયત્ન કરતાં હોય છે. પોતાની સામે પાડનાર વ્યક્તિને જ્યાં સુધી તેમની જગ્યા ના બતાવે ત્યાં સુધી તેઓ ઝંપતા નથી.

પોતાનો જ કક્કો હંમેશા ખરો, પોતે કહે એ જ સાચું, પોતાના મુખેથી નીકળેલું વાક્ય બ્રહ્મવાક્ય એવું માનનારા જોહુકમીકારો અને દાદાગીરી કરનારા દાદાઓ પોતાનું ધાર્યું ના થાય ત્યાં સુધી ઝંપીને બેસતા નથી. આવા લોકો પોતે તો માનસિક તાણ અનુભવે છે સાથે સાથે સંબંધિત વ્યક્તિને પણ સુખેથી ઝંપવા ના દઈને સીધી કે આડકતરી રીતે માનસિક તાણ આપે છે.

આ પ્રકારની વ્યક્તિઓ માત્ર મોટી મોટી બાબતો, મોટા મોટા નિર્ણયો અને મોટા મોટા આયોજનનોમાં જ પોતાની દાદાગીરી કરતાં હોય એવું નથી. તેઓ નાની-નાની, રોજ-બ-રોજના સાવ ક્ષુલ્લક વ્યવહારોમાં પણ પોતાનું પ્રભત્વ જમાવવા માટે પ્રયત્નો કરતાં હોય છે. આમ નાની-નાની બાબતોમાં, રોજિંદા જીવનમાં સંબંધિત વ્યક્તિ પોતાના આદેશોનું પાલન ના કરે તો નાના-નાના ઝઘડાઓ કરે છે. આવું લાંબો સમય ચાલે, સતત ચાલ્યા કરે તો બંનેના સંબંધો વચ્ચે દીવાલ ઊભી થતી જાય છે અને સમય જતાં એ દીવાલ એટલી મજબૂત અને ઊંચી થઈ જાય છે કે બંનેમાથી કોઈ તેને કૂદી શકતું નથી કે તોડી શકતું નથી. (ક્રમશઃ)



# IIMના વિદ્યાર્થી પંચતંત્રમાંથી મેનેજમેન્ટના પાઠ શીખ્યા

### કેપિબિલિટી, કમ્પિટન્સ અને કોમ્પિટિટીવ સ્ટ્રેટેજી કોર્ષના ભાગરૂપે વિદ્યાર્થીઓને આ વિશેષ કોર્સનો લાભ અપાયો

ગાંધીનગર, તા. ૧૭

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ ખાતે બે અઠવાડિયાના પંચતંત્ર પરના કોર્ષનું આયોજન થયું હતું. આઈઆઈએમના જ પ્રોડક્શન એન્ડ કોન્ટિટીવ મેથડ્‌ઝ એરિયાના પ્રો. એન. રવિચંદ્રન દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ફોર એક્ઝિક્યુટિવના વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ ઉપરાંત પ્રાયોગિક ધોરણે આ કોર્ષનું આયોજન કરાયું હતું, જેમાં રાતના સમયે ૭૫ મિનિટના ૫ લેક્ચર ગોઠવાયા હતા. પ્રો. રવિચંદ્રનના કેપિબિલિટી, કમ્પિટન્સ અને કોમ્પિટિટીવ સ્ટ્રેટેજી કોર્ષના ભાગરૂપે વિદ્યાર્થીઓએ ખાસ આ કોર્ષની માગણી કરી હતી.

આ અંગે વાત કરતાં પીજીપીના બીજા વર્ષના વિદ્યાર્થી પીવી આદિત્યએ જણાવ્યું હતું કે, ‘અમને કોર્ષ દરમિયાન ઘણી વખતે રવિ સી. સર પંચતંત્રના સંદર્ભો ટાંકતા. તેથી અમને થયું કે, માત્ર પંચતંત્ર પર પણ એક કોર્ષ થાય તો અમે અલગ સંદર્ભો સાથે વિવિધ સ્ટ્રેટેજી સમજી શકીએ. તેથી અમે પ્રો. રવિચંદ્રન સાથે વાતચીત શરૂ કરી. રાત્રે જમ્યા પછી તેના વર્ગો ગોઠવાયા છતાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ કોર્ષમાં પંચતંત્રનો આધાર લઈને પડકારોનો સામનો કઈ રીતે કરવો, તેના મેનેજમેન્ટ પર ભાર મુકવામાં આવ્યો હતો. આ કોર્ષ અંગે વાત કરતાં પ્રો. રવિચંદ્રને જણાવ્યું કે, ‘કોઈ પણ ક્ષેત્રના લોકો માટે સંઘર્ષ એ હંમેશા રસનો વિષય રહ્યો છે. જો પ્રાથમિક સ્તરે જોઈએ તો વ્યક્તિગત ધોરણે તમારા દષ્ટિકોણ અને હેતુઓમાં અંતરના કારણે સંઘર્ષની પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. મુદ્દાસર ચર્ચાઓથી આ પરિસ્થિતિનું નિરાકરણ આવી શકે છે. ત્યારબાદ આર્થિક ઉત્પાદનની પ્રક્રિયામાં પડકારો ઊભા થાય છે. જે માર્કેટશેરની તકોમાં રૂપાંતરીત થાય છે. તેથી પંચતંત્રની વાર્તાઓ એવી બોધકથાઓ છે કે, જે જીવનના કોઈ પણ સ્તરના સંઘર્ષો અને પડકારોમાંથી બહાર આવવાની રસ્તા સૂચવી શકે છે.’